**National Scholarship Portal ની વેબસાઈટ - www.scholarships.gov.in પર ONLINE અરજી કરવાની જાહેરાત**

ભારત સરકારશ્રીના અલ્પસંખ્યક કાર્યમંત્રાલય, નવી દિલ્હી ધ્વારા અમલીત **"મુસ્લીમ, ખ્રિસ્તી, શીખ, પારસી, બૌધ્ધ, જૈન"** જેવા ધાર્મિક લઘુમતીના વિદ્યાર્થીઓ માટે ''પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના'', ''પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના'' અને ''મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના''.

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

ધાર્મિક લઘુમતીના વિદ્યાર્થીઓ કે જેઓને આ યોજના હેઠળ અગાઉ શિષ્યવૃત્તિનો લાભ મળેલ ન હોય તેવા નવા (FRESH) વિદ્યાર્થીઓ તેમજ અગાઉ આ યોજના હેઠળ લાભ મેળવેલ હોય અને તેઓનો અભ્યાસ ચાલુ હોય અને યોજનાની શરતો પરિપૂર્ણ કરતા હોય તેવા જુના(RENEWAL) વિદ્યાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૨૧-૨૨ માં ઉપરોકત "પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના", "પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના" તેમજ "મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના", માટેની શિષ્યવૃત્તિ મેળવવા નીચેની શરતોને આધીન રહી ONLINE અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ વિદ્યાર્થીઓ ONLINE રજુ કરવાની હોય www.scholarships.gov.in વેબસાઈટ પર જઇ અરજી કરવાની રહેશે. જુના(RENEWAL) વિદ્યાર્થીઓપોતાની ગત વર્ષની અરજીનો ID નો ઉપયોગ કરીને અરજી કરી શકશે. ગત વર્ષે ONLINE અરજી કરેલ હોય અને શિષ્યવૃત્તિ મંજુર થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ જો જે તે અભ્યાસક્રમ ચાલુ હોય તો વર્ષ ૨૦૨૧-૨૨ માં નવા(FRESH) તરીકે ONLINE અરજી કરવાની રહેશે. વિદ્યાર્થીઓ દ્વારા આપેલ બેંક Account શિષ્યવૃત્તિની પ્રક્રિયા દરમ્યાન બેંક ખાતુ Active રાખવાની જવાબદારી તથા મંજુર થયેલ શિષ્યવૃત્તિની રકમ જમા કરાવતી વખતે બેંક Account બંધ માલુમ પડશે તો તેની જવાબદારી જે તે વિધાર્થી/વાલીની રહેશે. વિદ્યાર્થીઓ દ્વારા ફોર્મ ભરતી વખતે આપેલ મોબાઇલ નંબર શિષ્યવૃત્તિની પ્રક્રિયા દરમ્યાન ચાલુ રાખવાનો રહેશે અને જો મોબાઇલ નંબર બંધ માલુમ પડશે તો તેની જવાબદારી જે તે વિધાર્થી/વાલીની રહેશે. જે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની રકમ ૫૦,૦૦૦/- થી ઓછી હોય તેવા (પ્રિ-મેટ્રિક / પોસ્ટ-મેટ્રિક) ના અરજદારે સાધનિક પુરાવા Upload કરવાના થતા નથી પરંતુ Bonafide Student Certificate Upload કરવાનું રહેશે તેમજ Online Submit કરેલ અરજીની નકલ સાથે ડોમીસાઇલ સર્ટીફીકેટ/ રેશન કાર્ડ / લાઇટ બીલ તથા અન્ય જરૂરી સાધનિક પુરાવા શાળા/કોલેજ/સંસ્થા લેવેલે હાર્ડકોપી જમા કરાવવાની રહેશે અને જે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની રકમ ૫૦,૦૦૦/- થી વધુ હોય તેવા (મેરીટ કમ મીન્સ) વિદ્યાર્થીઓએ Online Submit કરેલ અરજીની નકલ સાથે ફરજીયાત ડોમીસાઇલ સર્ટીફીકેટ તથા અન્ય લાગુ પડતા સાધનિક પુરાવા પોર્ટલ પર અપલોડ કરવાના તેમજ શાળા/કોલેજ/સંસ્થા લેવેલે હાર્ડકોપી જમા કરાવવાની રહેશે.

પ્રિ-મેટ્રીક, પોસ્ટ મેટ્રીક અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિ ના વિદ્યાર્થીઓફોર્મ ભરતી વખતે જયારે Scheme Details માં આપેલ કોઇપણ એક Scheme Select કરે છે ત્યારે Upload Documents માં Bonafide Student of Institution માં આપેલા Download Option પર Click કરવાથી Bonafide Student Certificate, વિદ્યાર્થીનું નામ, જન્મ તારીખ, શાળા/કોલેજ/સંસ્થાના નામ સાથેની વિગત સાથે System દ્વારા Bonafide Certificate Generate થશે, આ Certificate ની print લઈ વિદ્યાર્થીએ તેનો પાસપોર્ટ સાઇઝ નો ફોટો ચોંટાડી સંલગ્ન શાળા/કોલેજ/સંસ્થાના સક્ષમ અધિકારીના સહિ-સિક્કા કરાવીને વિદ્યાર્થીએ તે Bonafide Student Certificate ને ફોર્મ ભરતી વખતે ફરજીયાત Upload કરવાનું રહેશે તેમ કર્યા બાદ જ જે તે વિદ્યાર્થીએ Final Submit કરવાનું રહેશે.

વર્ષ ૨૦૨૧-૨૨ માં NSP પોર્ટલ પર ફ્રેશ/રીન્યુઅલ ફોર્મ ભરતી વખતે ફોર્મમાં આપેલ લાભાર્થી/વિદ્યાર્થીના નામ, લિંગ અને જન્મ તારીખ આધારકાર્ડ માં દર્શાવ્યા મુજબ પ્રમાણિકરણ (Aadhaar Authentication) ની પ્રક્રિયા શરૂ કરવામાં આવેલ છે, જેથી તમામ વિદ્યાર્થીઓએ ઓનલાઇન ફોર્મ ભરતી વખતે વિધાર્થીનું નામ, લિંગ અને જન્મ તારીખ ફરજીયાત આધારકાર્ડ મુજબ લખવાનું રહેશે.

| યોજનાનું નામ | વિદ્યાર્થીઓએ નવી (FRESH) / જુની (RENEWAL) અરજી ONLINE કરવાની છેલ્લી તારીખ | શાળા/કોલેજ/સંસ્થાઓએ નવી (FRESH) / જુની (RENEWAL) અરજીઓ અને Defect થયેલી અરજીઓને ONLINE Verification કરવાની છેલ્લી તારીખ |
|---|---|---|
| પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | ૧૫/૧૧/૨૦૨૧ | ૧૫/૧૨/૨૦૨૧ |
| પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના | ૩૦/૧૧/૨૦૨૧ | ૧૫/૧૨/૨૦૨૧ |
| મેરીટ કમ મીન્સ-શિષ્યવૃત્તિ યોજના | ૩૦/૧૧/૨૦૨૧ | ૧૫/૧૨/૨૦૨૧ |

**શાળા/કોલેજ/સંસ્થાઓએ કરવાની પ્રક્રિયા :-**

શાળા/કોલેજ/સંસ્થાઓએ પોતાના ONLINE એકાઉન્ટમાં લોગીન થઇ SCRUTINY ની પ્રક્રિયા કરવાની રહેશે, જેમાં વિદ્યાર્થીની અરજીની ચકાસણી કરી તેને ઉપરોકત આપેલ સમય મર્યાદામાં ONLINE ફોરવર્ડ કરવાની રહેશે. જો શાળા/કોલેજ/સંસ્થાએ આગળની ONLINE પ્રક્રિયા કરી ફોરવર્ડ કરેલ ન હોય તો વિદ્યાર્થીની અરજી પર આગળની પ્રક્રિયા થઇ શકશે નહિ જેથી શાળા/કોલેજ/સંસ્થાઓએ ખાસ પોતાનો આઇ.ડી. તથા પાસવર્ડ જિલ્લા/રાજ્યકક્ષાએથી મેળવી લેવાના રહેશે. જે શાળા/કોલેજ/સંસ્થાઓએ ઉપરોક્ત WEBSITE માં પોતાની કોલેજનું લિસ્ટમાં નામ ન હોય તો તેવી શાળા/કોલેજ/સંસ્થાઓએ જિલ્લા કચેરીનો સંપર્ક કરીને રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે. National Scholarship Portal પર Institute Login માં જઇ Operational Manual માં આપેલ To Fill Registration Form માં રહેલ સુચન મુજબ વર્ષ ૨૦૨૦-૨૧ ના કાર્યરત આઇ.ડી. તથા પાસવર્ડનો ઉપયોગ કરી વર્ષ ૨૦૨૧-૨૨ માટે Institute Registration ની પ્રક્રિયા કરવાની રહેશે. નવા આઇ.ડી. તથા પાસવર્ડ મેળવ્યા બાદ Login થઇ શાળા/કોલેજ/સંસ્થાઓએ ફરજીયાત પોતાની Profile Update કરવાની રહેશે. જે શાળા/કોલેજ/સંસ્થાઓની ગયા વર્ષે KYC ની પ્રક્રિયા પહેલેથી જ પૂર્ણ થઈ ગઈ છે તેમને ફરીથી KYC કરવાની જરૂર નથી. તેઓ સીધા જ પોર્ટલમાં Login કરીને તેમના આધાર (Aadhaar Authentication) ની નોંધણી કરવાની રહેશે.

પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિના Hosteller વિદ્યાર્થીઓઅને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ ના ધોરણ 11 તથા 12 ના Hosteller વિદ્યાર્થીઓને તો જ છાત્રાલય ફી મળવાપાત્ર રહેશે જો તે શાળા/સંસ્થા દ્વારા જ સંચાલિત Hostel ની સુવિધાનો લાભ લેતા હોય તથા ઉચ્ચ વર્ગો માટે એટલે કે ધોરણ 12 પછી, છાત્રાલય ફી અરજદારના નામે ભાડાની રસીદ / ભાડા કરાર સામે ચૂકવવાપાત્ર રહેશે. જેથી Institute Nodal Officer દ્વારા આવા હોસ્ટેલર દર્શાવેલ વિદ્યાર્થીઓને ઉપર મુજબ ના માપદંડ ધરાવે તો જ અરજદારની અરજીને વેરિફાય કરવાની રહેશે અને જો કોઇ શાળા/કોલેજ/સંસ્થા દ્વારા કોઇ Day Scholar ની અરજી Hosteller તરીકે વેરીફાઇ થયેલી માલુમ પડશે અને State Nodal officer દ્વારા તેવી અરજીઓને Reject કે Defect કરવામાં આવશે અને તે લાભાર્થી શિષ્યવૃત્તિ થી વંચિત રહેશે તો તેની સંપુર્ણ જવાબદારી જેતે શાળા/કોલેજ/સંસ્થા ના Institute Nodal Officer અને આચાર્યશ્રીની રહેશે. Institute Nodal Officers એ અરજદારોએ જમા કરાવેલ અરજીઓને Fresh અને Renewal તેમ બે Category માં જાળવવાની રહેશે. આ અરજીઓની હાર્ડ કોપી નાણાંકીય વર્ષ મુજબ ફાઇલમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી શાળા/કોલેજ/સંસ્થાઓએ જાળવવાની રહેશે. શાળા/કોલેજ/સંસ્થા દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૧-૨૨ માં Institute Login માં જઇ ફરજીયાત Profile Update કરવાની રહેશે ત્યારબાદ Administration → Add Update Details → Add Annual Course Fee Option માં જઇ આપની શાળા/કોલેજ/સંસ્થા દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમોની વર્ષ વાર ફી ની Details જેવી કે Annual Admission Fee, Tuition Fee, Others Fee, શાળા/કોલેજ/સંસ્થાઓએ જ Entry કરવાની રહેશે. આ શિષ્યવૃત્તિ યોજનાની વધુ વિગત તથા Guidelines નીચે દર્શાવેલ WEBSITE પરથી મેળવી શકાશે.

**1) www.scholarships.gov.in 2) www.minorityaffairs.gov.in 3) https://sje.gujarat.gov.in/ddcw/ → કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ**

**ONLINE અરજીમાં UPLOAD કરવાના થતા આધાર-પુરાવા: -**

- ગુજરાત રાજયના નિવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર (ડોમીસાઇલ સર્ટીફીકેટ/ રેશન કાર્ડ/ લાઇટ બીલ)
- વિદ્યાર્થીનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ
- વિદ્યાર્થીના ધાર્મિક લઘુમતી હોવા અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો / સ્વપ્રમાણિત નકલ (ફરજીયાત) (ઉપરોકત WEBSITE નં-૨ માં આપેલ નમુનાં પ્રમાણે)
- નવા(FRESH) અને જુના(RENEWAL) વિદ્યાર્થીઓએ છેલ્લે પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની નકલ (ફરજીયાત)
- વિદ્યાર્થી જે વર્ષ માટે શિષ્યવૃત્તિની અરજી કરેલ હોય તે વર્ષ માટે ભરેલ ટ્યુશન ફી, પરીક્ષા ફી તથા પ્રવેશ ફી ની પહોંચની ખરી નકલ (ફરજીયાત)
- વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક અંગેનો સક્ષમ અધિકારીનો દાખલો (ફરજીયાત)
- વિદ્યાર્થીની બેન્ક પાસબુકની નકલ. (ફરજીયાત)
- આધાર કાર્ડ / Enrolment ID (ફરજીયાત) (Mandatory)
- શાળા/કોલેજ/સંસ્થાઓ દ્વારા મેળવેલ Bonafide Certificate (ફરજીયાત)

એન.એ.નિનામા (IAS)
નિયામક
વિકસતી જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર